सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૮–૦૭–૨૦૨૪ |
| કેસ નોંધણી તારીખ | ૦૮–૦૭–૨૦૨૪ |
| કેસ ફેંસલ તારીખ | ૨૧–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ |
| | ૦૧– ૦૯ – ૧૪ |

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**જામજોધપુરના મહેરબાનશ્રી પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની અદાલતમાં, મુ.જામજોધપુર.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**રે.દિ.મુ.નં. ૪૩/૨૦૨૪.**
**આંક–૩૩**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,**
કોર્પોરેટ ઓફીસ–નાના મવા રોડ,
લક્ષ્મીનગર, રાજકોટ,
સંચાલન અને નિભાવ
પેટા વિભાગ–સમાણા. ..... વાદી.

વિરૂધ્ધ

**હસનભાઈ ઉમરભાઈ ઘોઘા**
ઉ.વ.આ.પ૪, ધંધો: ખેતી,
રહે. સડોદર, તા. જામજોધપુર ..... પ્રતિવાદી.

બાબત :– **વીજ બીલની લેણી રકમ રૂા.૧,૫૩,૯૪૬–૦૨ પૈસા વસુલ મળવા.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

વાદી પક્ષે વિધ્વાન વકીલશ્રી :– **એ.કે.વ્યાસ.**
પ્રતિવાદી પક્ષે વિધ્વાન વકીલશ્રી :– **એક તરફી.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**–:: ચુ કા દો ::–**

૧. હાલના વાદીએ પ્રતિવાદી પાસેથી દાવાની વિગતે વીજ બીલની

લેણી રકમ રૂા.૧,૫૩,૯૪૬–૦૨ પૈસા વસુલવા દાવા મુજબ દાદ માંગેલ છે.

૨. દાવાની હકિકત ટુંકમાં એવી છે કે, આ કામના વાદી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. એ કાયદાથી સ્થપાયેલ સંસ્થા છે. વાદીની કોર્પોરેટ ઓફીસ લક્ષ્મીનગર–રાજકોટ મુકામે આવેલી છે.જેની પેટા કચેરી જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકાના સમાણા મુકામે આવેલી છે. આ દાવામાં સહી, એકરાર કરનાર વાદી સંસ્થાની સદર પેટા કચેરીના નાયબ ઈજનેર અને હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ છે. અને તેના ધ્વારા વાદી કંપનીની પેટા કચેરીનું સંચાલન કરવામાં આવે છે.જેથી આ હકીકતે હાલના વાદીને દાવો લાવવા હકક, અધિકાર પ્રાપ્ત થયેલ છે. વાદી કંપની વપરાશ યુનીટ ચાર્જીસ લઈને ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવાનો વહેંચવાનો અને વીજ જોડાણ આપીને વીજળી આપવાનું તેમજ વીજળી અંગેની સેવાઓ આપવાનું કામકાજ કરે છે.

આ કામના પ્રતિવાદી જામજોધપુર તાલુકાના સડોદર ગામે રહે છે. અને સડોદર સમાણા સબ–ડિવીઝનની અંદર આવે છે. સદરહું તાલુકાનો જીલ્લો જામનગર છે.તેમજ કલમ–૧૩૫ મુજબના તમામ દાવાઓ દાખલ કરવાની આપ સાહેબની કોર્ટને હકુમત છે.તેમજ પ્રતિવાદી, વાદી બોર્ડના ગ્રાહક નથી.આ સાથે રજુ રાખેલ કન્ઝયુમર્સ પર્સનલ લેઝર એબસ્ટ્રેટ તથા કલમ–૧૩૫ અનુસાર નકકી કરવામાં આવેલ લેઝર મુજબ વાદી કંપનીના પ્રતિવાદી પાસે વીજ વપરાશ તથા પાવર ચોરીનાં પુરવણી બીલની રકમ રૂા.૧,૨૦,૮૮૦–૯૪ પૈ તથા ૩૧–૧૦–૨૦૨૩ સુધીના વિલબીત ચાર્જની લેણી રકમ રૂા. ૩૩,૦૬૫–૦૮ અને તે રીતે કુલ રૂા ૧,૫૩,૯૪૬–૦૨ પૈસા અંકે રૂપિયા એક લાખ ત્રેપન હજાર નવસો છેતાલીસને બે પૈસા બાકી લેણા રહે છે.

ગઈ તા. ૧૪–૦૨–૨૦૨૨ના રોજ સડોદર મુકામે અમારા

અધિકારીશ્રી ખાનગી બાતમી દ્વારા તેમજ સક્ષમ અધિકારીની સુચના મુજબ વિજ પ્રસ્થાપનની તપાસમાટે ઉપસ્થિત થતા સદર ગામના મુખ્ય ટી.સી પર એક કાળા રંગનો ૩ કોરની જોડેલ છે.જે વાયર જાય છે તે કુવામાં વિજ મોટર આવેલ છે. અને તે બોર્ડનાં યુનીટમાં જોડેલ છે. અને રૂમમાં વિજ જોડાણ કરેલ છે.ત્યાં કોઈપણ પ્રકારનું વિજ મિટર કે કંપનીનું કનેકશન હયાત નથી. વધુ તપાસ કરતા સદર સ્થળ પર જયોતી ફીડર (નંદાણા જેજીવાય)ના ટી.સી પરથી બિન અધિકૃત રીતે વિજ ચોરી કરતા હતા હાજર વ્યક્તિને તેમનું નામ પુછતા ખતીજાબેન ઉમરભાઈ થોથા જણાવેલ આમ સ્થળ પર બિન અધિકૃત રીતે વિજચોરી કરીને વપરાશ કરતા હોય અને સ્થળપર ફોટોગ્રાફી પણ કરેલ છે.ગેરકાયદેસર રીતે બિન અધિકૃત વિજચોરી કરી વિજ વપરાશ કરતા હોય અને સ્થળ પર વિજચોરી માલુમ પડેલ છે. અને કેબલ વાયર ઉતારીને કબજે કરેલ અને ચેકીંગ વખતે ચેકીંગ સીટનં.૫૮૮૪૮ ભરેલ અને તેના આધારે ફોજદારી ફરીયાદ કરેલ તે રીતે ગેરકાયદેસર રીતે પાવરચોરી કરતાં હોવાથી જેથી પ્રતિવાદી સામે પીજીવીસીએલ પોલીસ સ્ટેશન જામનગરમાં ગુ.રજી.નં. સેકન્ડ ૫૫૯/૨૦૨૨થી ધોરણસર લેખીત ફરીયાદ નાયબ ઈજનેરશ્રી સમાણાનાએ આપેલ. પ્રતિવાદીએ ગેરકાયદેસર વીજ વપરાશ કરેલ તેનું પુરવણી બીલ પ્રતિવાદીને આપવામાં આવેલ જે પુરવણી બીલ ન ભરતાં પ્રતિવાદીને વાદી સંસ્થા તરફથી પુરવણી બીલ ભરી જવા અંગે નોટીસ આપેલ તેની સાથે પુરવણી બીલ તથા વીજ ચોરીની રકમ ભરી જવા તા.૨૬–૧૨–૨૦૨૨ના રોજ લીગલ નોટીસ પ્રતિવાદીને આપેલ જે લેણી રકમ બાબતની પ્રતિવાદીને જાણ હોવા છતાં આજ દીવસ સુધી સદરહું પાવર ચોરીની રકમ પ્રતિવાદીએ ચુકવેલ નથી.

વાદી સંસ્થા કાયદા મુજબ લેઝર(બુકસ ઓફ એકાઉન્ટ)માં વ્યવસાયના ક્રમમાં નિયુક્ત કરેલ હિસાબી કામકાજના નિષ્ણાંતો ધ્વારા નિયમીત રીતે લેણાંના હિસાબો વ્યવસાયીક ક્રમમાં મેઈન્ટેઈન થતાં હિસાબી ચોપડામાં રાખે છે. સદરહું હિસાબી ચોપડામાં પ્રતિવાદી

પાસેથી આ દાવામાં દર્શાવ્યા મુજબની વાદી સંસ્થાની લેણી રકમ બાકી નિકળે છે.જે વસુલ કરવા વાદી સંસ્થા કાયદેસર રીતે હકકદાર થયેલ છે. જયારે પ્રતિવાદી આ રકમ વસુલ આપવા કાયદા મુજબ જવાબદાર તથા ફરજ બધ્ધ થયેલ છે. મજકુર રકમ વાદી સંસ્થાની પ્રતિવાદી પાસેની કાયદેસરની બાકી લેણી રકમ છે જે અંગે વાદી સંસ્થાએ પ્રતિવાદીને તા.૨૬–૧૨–૨૦૨૨ની લીગલ નોટીશ આપેલ છે.જે લેણી રકમ બાબતની પ્રતિવાદીને જાણ હોવા છતાં પ્રતિવાદીએ વાદીની લેણી રકમ વાદી સંસ્થાને આજ દીવસ સુધી ચુકવેલ નથી. અને બેદરકારી તેમજ ઉપેક્ષા વૃતી દાખવેલ છે.જેથી હાલનો આ દાવો લાવવા ફરજ પડેલ છે.

આ કામે સંસ્થાના પ્રતિવાદી પાસે બાકી લેણાની વિગત નીચે મુજબ છે.

રૂા.૧,૨૦,૮૮૦–૯૪ વિજ ચોરીના બિલ મુજબની રકમ
રૂા.૩૩,૦૬૫–૦૮ ૩૧–૧૦–૨૦૨૩ સુધીના વિલંબીત ચાર્જનીરકમ
રૂા.૧,૫૩,૯૪૬–૦૨ કુલ રૂપિયા એક લાખ ત્રેપન હજાર નવસો છેતાલીસને બે પૈસા

ઉપરની હકીકતે વાદી આ દાવો લાવી દાદ માંગે છે કે:–

(૧) દાવા અરજીમાં દર્શાવ્યા મુજબ વાદીના લેણા રૂા. ૧,૫૩,૯૪૬–૦૨ પૈસા અંકે રૂપિયા એક લાખ ત્રેપન હજાર નવસો છેતાલીસને બે પૈસા પ્રતિવાદીની હરેક પ્રકારની જાત મીલકત તથા સ્થાવર, જંગમ તમામ મિલકતથી વસુલ મળે એવું,

(૨)૦૧–૧૧–૨૦૨૩ થી લેશી રકમ વસુલ થતાં સુધી પ્રતિવાદીએ વાદીના વિજટેરીફ મુજબ લેણી રકમ ઉપર દર વરસે દર સેન્કરે ૧૫% લેખે વિલબીત ચાર્જની રકમ ચુકવે તથા આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વાદીને વસુલ મળે તેમજ સમન્યાચ મુજબ વાદીને મળી શક્તી હરેક પ્રકારની દાદ વાદીને મળે એવું,

(૩) હુકમનામું વાદીના લાભમાં પ્રતિવાદી સામે કરી આપવા મહેરબાની કરશોજી.

આ દાવાનું કારણ પ્રતિવાદીએ વાદીની બાકી રહેતી વિજચોરી બિલની લેણી રકમ ભરપાઈ ન કરતાં છેવટે વાદીએ પ્રતિવાદીને તા.૨૬–૧૨–૨૦૨૨ ની આખરી નોટીશ આપી ત્યારે અને ત્યારબાદ હર હંમેશ આપનામદાર કોર્ટની હકુમતમાં જામજોધપુર મુકામે ઉત્પન્ન થયું છે. અને તે મુદતની અંદર છે.

૩. આ કામે દાવાનો સમન્સ પ્રતિવાદીને આંક–૫ થી ધોરણસર બજી ગયેલ હોય તેમ છતા પ્રતિવાદી જાતે કે વકીલ મુખત્યાર મારફત કોર્ટ સમક્ષ હાજર ન થતા કે દાવાનો કોઈ જવાબ કે રીપોર્ટ ન આવતા મારા પુરોગામીશ્રી દવારાપ્રતિવાદી સામે દાવાનું કામ એકતરફી ચલાવવા તા. ૦૨ / ૦૪ /૨૦૨૫ ના રોજ આંક–૧ નીચે હુકમ કરેલ છે.

૪. બાદમાં આ કામે આંક–૦૬ થી મુદ્દાઓ ફ્રેમ કરવામાં આવેલ છે તે મુદ્દાઓ પુરવાર કરવા માટે વાદીએ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**–:: વાદીપક્ષનો મૌખિક પુરાવો ::–**

| ક્રમ નં | વિગત. | આંક |
|---|---|---|
| ૧. | વાદી કંપનીના જવાબદાર અધિકારી અશોકભાઇ કાનાભાઇ નંદાણીયાનુ સરતપાસનું સોગંદનામું. | ૧૧ |

**–:: વાદીપક્ષનો દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ નં | વિગત. | આંક |
|---|---|---|
| ૧ | દાવાવાળા વ્યવહારની વાદીનો પ્રફોમાનં–૧૨ | ૧૩ |
| ૨ | દાવાવાળા વ્યવહારની વાદીની બ્રિફનોટ | ૧૪ |
| ૩ | વાદીના અધિકારીએ ભરેલ ચેકીંગ શીટ | ૧૫ |
| ૪ | વાદીના અધિકારીએ કરેલ સ્થળ રોજકામ | ૧૬ |
| ૫ | વાદીના અધિકારીએ ભરેલ એનેક્ષર–૪ | ૧૭ |
| ૬ | વાદીએ પ્રતીવાદીને વિજચોરી અંગેનું આપેલ પુરવણી બીલ | ૧૮ |

| | | |
|---|---|---|
| ૭ | વાદીએ પ્રતીવાદીને વિજચોરી અંગેનું આપેલ પુરવણી બીલની એકનોલેજમેન્ટ | ૧૯ |
| ૮ | વાદીએ પ્રતીવાદી સામે એફ.આઈ.આર દાખલ કરવા કરેલ અરજી | ૨૦ |
| ૯ | પ્રતિવાદી સામે દાખલ કરેલ એફ.આઈ.આર ની નકલ | ૨૧ |
| ૧૦ | વાદીએ તૈયાર કરેલ દાવાનું ગણતરી પત્રક | ૨૨ |
| ૧૧ | વાદીએ પ્રતિવાદીને આપેલ લીગલ નોટીશ | ૨૩ |
| ૧૨ | વાદીએ પ્રતિવાદીને આપેલ લીગલ નોટીશ બજી ગયાની એકનોલેજમેન્ટ | ૨૪ |
| ૧૩ | વાદીએ પ્રતિવાદીને આપેલ આખરી લીગલ નોટીશ. | ૨૫ |
| ૧૪ | વાદીએ પ્રતિવાદીને આપેલ આખરી લીગલ નોટીશ રજીસ્ટર્ડ એડી કર્યાની પાવતી. | ૨૬ |
| ૧૫ | સ્થળ તપાસણી અહેવાલ | ૨૭ |
| ૧૬ | પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા માટેનો મંજુરી પત્ર | ૨૮ |
| ૧૭ | કોર્પોરેટ ઓફીસએ સર્કલ ઓફીસને મોકલેલ ઓફીસ લેટર | ૨૯ |
| ૧૮ | કોર્પોરેટ ઓફીસએ સર્કલ ઓફીસને મોકલેલ ઓફીસ લેટર | ૩૦ |
| ૧૯ | સપ્લાય કોડ –૨૦૧૫ ના પ્રોવીઝનના વિભાગ –૭ના અનુક્રમ નં ૭.૧૭ | ૩૧ |
| ૨૦ | પુરાવો પુરો થયાની પુરશીશ | ૩૨ |

આ કામે પ્રતિવાદી સામે દાવાનું કામ એકતરફી ચલાવવાનો આંક–૧ નીચે હુકમ થયેલ છે. ત્યારબાદ પ્રતિવાદીને તરફે કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવામા આવેલો નથી.

**૫.** આ કામે **આંક–૦૬** થી ઘડવામાં આવેલ મુદ્દાઓ નીચે મુજબ છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી વાદીના ગ્રાહક ન હોવા છતા પોતાના કુવામાં વીજ વપરાશ કરી પાવર ચોરી

કરતા તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ પકડાયેલ છે?

૨. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીને નોટીસ આપવા છતાં વીજ ચોરીની રકમ રૂ.૧,૨૦,૮૮૦–૯૪ પૈસા ભરપાઈ કરેલ નથી ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, પાવર ચોરીની વીજબીલની રકમ પર તા.૩૧/૧૦/૨૩ સુધીના વિલંબીત ચાર્જની રકમ રૂ.૩૩૦૬૫–૦૮ પૈસા મેળવવા હકકદાર છે ?

૪. શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો દાવો સમય મર્યાદામાં છે ?

૫. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૬. શું હુકમ અને હુકમનામું?

**૬.** વાદીપક્ષે રજુ થયેલ પુરાવાનું અને વાદીના વિધ્વાન વકીલશ્રીની દલીલોનું કાળજીપુર્વક મુલ્યાંકન કરીને દાવાના નિકાલ માટે ઉપસ્થિત થયેલા ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ કરેલ છે.

**<u>મુદ્દા નં.૧:–</u>** હકારમાં

**<u>મુદ્દા નં.૨:–</u>** હકારમાં.

**<u>મુદ્દા નં.૩:–</u>** હકારમાં

**<u>મુદ્દા નં.૪:–</u>** હકારમાં.

**<u>મુદ્દા નં.૫:–</u>** અંશત: હકારમાં.

**<u>મુદ્દા નં.૬:–</u>** આખરી હુકમ મુજબ.

**૭.** ઉપરોકત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>–::કા ર ણો::–</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૩ :–</u>**

આ કામે સરળતા ખાતર મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચા એકીસાથે અલગ અલગ કરવામાં આવેલ છે.

આ કામે રેકર્ડ જોતા પ્રતિવાદીને દાવાનો સમન્સ ધોરણસર બજી જવા છતા પ્રતિવાદી તરફે હાજર રહી કોઈપણ પ્રકારનો બચાવ સદર દાવાના કામે કરેલ નથી કે દાવા જવાબ રજુ કરવા કે પુરાવો આપવા દરકાર કરેલ નથી. તેથી મજકુર પ્રતિવાદી સામે દાવાનું કામ એકતરફી ચલાવવા હુકમ થયેલ છે. પરંતુ પ્રતિવાદી દવારા જવાબ ન રજુ કરવા અને તેમના વિરુધ્ધ કામ એકતરફી ચલાવવા માત્ર થી વાદીનો દાવો સાચો છે તેમ માની શકાય નહી. વાદી જયારે દાવા મુજબની દાદ માગતા હોય ત્યારે પોતાના પગ પર ઉભા રહી દાવાની હકીકતો પુરવાર કરવી પડે સામાપક્ષની નબળાઈ નો લાભ લઈ વાદીએ પોતાનો દાવો પુરવાર કરેલ છે તેમ માની શકાય નહી. આમ ઉપરોકત કાનુની પરીસ્થીતી ધ્યાને લઈ ચર્ચા કરીએ તો આ કામે વાદી તરફે સી.પી.સી.ઓ.–૧૮ રૂલ –૪ અન્વયે પોતાના દાવાની હકિકત પુરવાર કરવા માટે આંક–૧૧ થી વાદી કંપનીના જવાબદાર અધિકારીનું સરતપાસનું સોગંદનામું રજુ કરી દાવાની હકિકતને સમર્થન આપેલ છે અને મજકુર સાહેદના પુરાવાના સોગંદનામામાં તેઓએ આંક–૧૩ થી આંક–૩૧ મુજબનો પુરાવો રજુ કરેલ છે જેથી હકીકતોનુ પુનરાવર્તન નીવારવા તેનો ફરી અંહી ઉલ્લેખ કરવામાં આવેલ નથી. ત્યારે આ કામે વાદી તરફે પડેલ પુરાવાની હકીકત ધ્યાને લેતા તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ આ કામના પ્રતિવાદી દવારા વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા અનઅધીકૃત રીતે વીજવપરાશ કરેલ હોવાનુ અને રેકર્ડ પરના પુરાવાથી ફલીત થાય છે. વાદી તરફે આંક–૨૦ થી પ્રતિવાદી સામે એફ.આઇ.આર નોંધવાનો પત્ર તેમજ આંક–૨૧ થી રજુ રાખેલ એફ.આઇ.આર. તથા

આંક–૧૬ થી રજુ રાખેલ સ્થળ રોજકામ ધ્યાને લેતા પણ આ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. તેમજ વાદી દવારા આંક–૧૮ થી રજુ રાખેલ પુરવણી બીલ ધ્યાને લેતા તે પુરવણી બીલ અન્વયેની નોટીસ આંક–૧૯ થી આ કામના પ્રતિવાદીને બજેલ હોવાનુ જણાય છે અને પુરવણી બીલ વિરૂધ્ધ કોઇ કાર્યવાહી પ્રતિવાદી દવારા કરવામાં આવેલ હોય તેવુ જણાતુ નથી. કે પ્રતિવાદી દવારા હાજર રહી તેનુ કોઈ ખંડન કરેલ નથી. વધુમાં વાદી સંસ્થા દવારા પ્રતિવાદીને લેણી રકમ ભરવા આંક–૨૩ થી નોટીસ આપેલ હોવાનુ અને તે નોટીસ આંક–૨૪ થી બજેલ હોવાનુ તેમજ આંક–૨૫ થી ડીમાન્ડ નોટીસ આપેલ હોવાનુ રેકર્ડ પરના પુરાવાથી ફલીત થાય છે. આમ નોટીસ આપવા છતા પ્રતિવાદી એ વીજચોરીની લેણી રકમ રૂા. ૧,૨૦,૮૮૦–૯૪ પૈસા ભરપાઈ કરેલ નથી તેવુ પડેલ પુરાવાથી પુરવાર થાય છે. વધુમાં વાદીએ વીજચોરીની બીલની રકમ પર તા. ૩૧/૧૦/૨૪ સુધીના વીલંબીત ચાર્જ ના રૂા.૩૩,૦૬૫– ૦૮ પૈસા મેળવવા હકકદાર હોવાનુ જણાવેલ છે ત્યારે તે સંદર્ભમાં વાદી તરફે રજુ થયેલ આંક–૨૯ થી આંક–૩૧ સુધીના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા વાદીના જણાવ્યા મુજબની વિજચોરીની લેણી રકમ પર માંગણી મુજબની વિલંબીત ચાર્ઝની રકમ રૂા.૩૩૦૬૫–૦૮ પૈસા મળિ કુલ રૂા.૧,૫૩,૯૪૬–૦૨ પૈસા પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર હોવાનુ માનવાને કારણ રહે છે. અને વાદી તરફે રજુ થયેલ લેખીત મૌખીક પુરાવાને પ્રતિવાદી તરફે હાજર રહી ચેલેન્જ કરેલ નથી કે સદર પુરાવાની હકીકતોનુ ખંડન કરતા કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જેથી વાદીના પુરાવાની હકીકતોને ન માનવાને કોઈ કારણ જણાતુ નથી. આમ ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં– ૧ થી ૩** નો જવાબ આથી **સંયુકત રીતે હકારમાં** ઠરાવવામાં આવે છે.

**<u>મુદા નં–૪</u>**

મુદા નં–૪ અંગે ચર્ચા કરીએ તો આ કામના પ્રતિવાદી તારીખ–૧૪/૦૨/૨૦૨૨ ના રોજ વીજચોરી કરતા પકડાયેલ છે અને વીજચોરીની લેણી રકમ અંગે તા.૨૬/૧૨/૨૨ ના રોજ ડીમાન્ડ નોટીસ આપેલ છે. ત્યાર બાદ તા.૦૮/૦૭/૨૪ ના રોજ હાલનો દાવો લાવેલ છે. આમ વાદીનો દાવો વીજચોરીની લેણી રકમ અંગેનો હોય ત્યારે સમય મર્યાદા અધીનીયમની જોગવાઇઓ ધ્યાને લેતા વાદીનો દાવો સમય મર્યાદામાં જણાય છે. જેથી **મુદા નં–૪** નો જવાબ આથી **હકારમાં** ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૫:**

સદર મુદ્દા સંબંધે ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ માં કરેલ ચર્ચાને આધારે તથા તમામ રેકર્ડ ઉપરના પુરાવાને ઘ્યાને લેતાં વીજચોરીની પુરવણી બીલની રકમ  તથા વિલંબીત ચાર્ઝની રકમ મળી કુલ રૂા. રૂા.૧,૫૩,૯૪૬–૦૨ પૈસા આ કામના વાદી પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર હોવાનુ અત્રેની કોર્ટ દવારા માનવામાં આવેલ છે. પરંતુ વાદી તરફેના પડેલ રેકર્ડ પરના પુરાવાથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે, આ કામના પ્રતિવાદી વાદી બોર્ડના ગ્રાહક નથી  આમ, પ્રતિવાદી જયારે વાદી બોર્ડના ગ્રાહક ન હોય અને વાદી બોડ સાથે કોઈ કરાર થયેલ ન હોય તેમજ વાદી પાસેથી પ્રતિવાદી પાસેથી કેટલા સમયગાળાનું વ્યાજ તથા કેટલા ટકા પ્રમાણે મેળવવા વાદી હકકદાર છે તે હકિકતલક્ષી કોઈ સ્પષ્ટ આધારભુત પુરાવો વાદી પક્ષે રજુ કરેલ નથી કે તેવા કોઈ વ્યાજનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી જે હકિકત ઘ્યાને રાખી કાયદાકીય જોગવાઈ મુજબ વાદી માંગણી મુજબની લેણી રકમ ઉપર માંગણી મુજબનુ વ્યાજ મેળવવા હકકદાર હોવાનું માનવાને કારણ રહેતું નથી. પરંતુ હાલનો દાવો વીજ ચોરીની લેણી રકમ વસુલ મેળવવાનો હોય

તેવા સંજોગોમાં સી.પી.સી ની કલમ–૩૪ ની જોગવાઈ ધ્યાને લઈ વાદી સંસ્થાને હુકમ ની તારીખથી લેણી રકમ ઉપર ૬ ટકાના સાદા દરે વ્યાજ અપાવવુ ઉચિત જણાય છે. તેમજ આ કામના પ્રતિવાદીને નોટીસ આપવા છતા દાવા મુજબની વીજવપરાશની રકમ ભરપાઇ ન કરતા પ્રતિવાદીની કસુરના કારણે વાદી દાવો લાવેલ હોય જેથી દાવાનો ખર્ચ પણ વાદીને અપાવવો ઉચીત જણાતો હોય જેથી **મુદ્દા નં.૫** નો જવાબ **અંશત: હકારમાં** આપવામાં આવે છે.

આમ, ઉપરોકત તમામ મુદ્દા નં.૧ થી ૫ માં કરેલ ચર્ચા અને જવાબના આધારે **મુદ્દા નં.૬** ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદીએ દાવામાં જણાવેલ બીલની રકમ **રૂા.૧,૫૩,૯૪૬–૦૨(અંકે રૂપીયા એક લાખ ત્રેપન હજાર નવસો છેતાલીસ ને બે પૈસા પુરા)** દિન–૬૦ માં વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદરહું રકમ પ્રતિવાદી વાદીને ચુકવવામાં કસુર કરે તો, વાદી પ્રતિવાદીની જાત વ હરેક પ્રકારની મિલ્કતમાંથી વસુલ લેવા હકકદાર છે તેવું ઠરાવવામાં આવે છે.

૪. વધુમાં પ્રતિવાદી દાવામાં જણાવેલ કુલ બીલની રકમ રૂા.૧,૫૩,૯૪૬–૦૨ પૈસા ચુકવવામાં કસુર કરે તો હુકમ તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકા લેખે સાદુ વ્યાજ વાદીને ચુકવી આપવું.

પ. વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું.

૬. આ હુકમ મુજબ હુકમનામું દોરવું.

**હુકમ આજરોજ તારીખ: ૨૧ મી, માહે: એપ્રીલ , સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

જામજોધપુર,
તા. ૨૧/ ૦૪ /૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
જામજોધપુર.
***JUDGE CODE: GJ 01584***

ડી.એચ.ચુડાસમા
ગુજ. સ્ટેનો